# ગુજરાત યુનિવર્સિટી

નં. એકા.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. -૧૧-૨૦૧૭

**પરિપત્ર :**

આથી યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, પ્રેસ, આરોગ્ય કેન્દ્રના તમામ વડાશ્રીઓ તેમજ યુનિવર્સિટી સંલગ્ન ભવનોના અધ્યક્ષશ્રીઓ/ વિભાગીય વડાઓ અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાઓના વડાઓને આજ્ઞાનુસાર જણાવવાનું કે,

(૧) ૨૦૧૮ના વર્ષ માટેની જાહેર રજાઓ તથા મરજિયાત રજાઓની યાદી આ સાથે સામેલ છે.

(૨) ગુજરાત યુનિવર્સિટી અને સરકારશ્રીના નિયમો મુજબ કૉલેજના આચાર્યશ્રી/ભવનોના ડાયરેકટરશ્રીને નિયમો મુજબ આપેલ યાદી સિવાય રજા જાહેર કરવાની કોઈ સત્તા નથી.

(૩) કૉલેજોમાં મીડ ટર્મ બ્રેક આપવાની પ્રથા અંગે પણ ઠરાવો નથી તેની જાહેર રજાઓ સાથે વચ્ચે રજાઓ જાહેર કરી, શૈક્ષણિક સત્રોના કુલ દિવસમાં આચાર્યશ્રી કોઈ રજાઓ, કોઈ પણ સંજોગોમાં જાહેર કરી શકશે નહીં.

(૪) કૉલેજોના શૈક્ષણિક સત્રોમાં જે શૈક્ષણિક દિવસો દર્શાવેલ છે તે મુજબ અને યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ શિક્ષણના ન્યૂનતમ દિવસો દરેક કૉલેજે પૂરા કરવાના રહેશે આ માટે પરીક્ષાનું સમયપત્રક ગોઠવેલ હોય તેના આગળના ત્રણ દિવસ બાદ કરી ત્યાં સુધી વર્ગો ચાલુ રાખવા.

(૫) કૉલેજોમાં આપેલ લિસ્ટ કરતાં આકસ્મિક કારણોસર વધુ રજાઓ જાહેર કરવામાં આવે ત્યારે ગુજરાત યુનિવર્સિટીની મંજૂરી લેવાની રહેશે.

(૬) દિવાળીના દિવસોમાં વહીવટી સ્ટાફ માટે સરકારશ્રી કાર્યાલય માટે જેટલી રજાઓ આપે તેથી વધારે રજાઓ આપી શકાશે નહીં.

**પી. એમ. પટેલ**

કા. કુલસચિવ

પ્રતિ,
(૧) અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીના તમામ ભવનો તેમ જ વિભાગના વડાશ્રીઓ તરફ
(૨) સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રી તરફ
(૩) માન્ય સંસ્થાના વડાઓ તરફ.

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

## (અ) ૨૦૧૮ના વર્ષની જાહેર રજાઓ

**(સામાન્ય વહીવટ વિભાગ : ક્રમાંક : ગસ-૨૦૧૭-૩૦-જસર-૧૦૨૦૧૭-૧૩૧૪-ઘ, તા. ૧૮ ઓક્ટોબર, ૨૦૧૭)**

| *ક્રમાંક* | *તહેવાર* | *તારીખ અને મહિનો* | *વાર* |
|---|---|---|---|
| ૧. | પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ | શુક્રવાર |
| ૨. | મહાશિવરાત્રિ (મહા વદ-૧૪) | ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮ | મંગળવાર |
| ૩. | હોળી બીજો દિવસ (ધુળેટી) | ૦૨જી માર્ચ, ૨૦૧૮ | શુક્રવાર |
| ૪. | મહાવીર જયંતિ (જન્મ કલ્યાણક) | ૨૯મી માર્ચ, ૨૦૧૮ | ગુરુવાર |
| ૫. | ગુડ ફ્રાઈડે | ૩૦મી માર્ચ, ૨૦૧૮ | શુક્રવાર |
| ૬. | ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન | ૧૪મી એપ્રિલ, ૨૦૧૮ | શનિવાર |
| ૭. | ભગવાનશ્રી પરશુરામ જયંતિ (વૈશાખ સુદ-૨) | ૧૮મી એપ્રિલ, ૨૦૧૮ | બુધવાર |
| ૮. | રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) (શવ્વાલ-૧લો) (મુસ્લિમ શિયા અને સુન્ની) | ૧૬મી જૂન, ૨૦૧૮ | શનિવાર |
| ૯. | સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૮ | બુધવાર |
| ૧૦. | પારસી નૂતનવર્ષ દિન (પતેતી) (પારસી શહેનશાહી) | ૧૭મી ઑગસ્ટ, ૨૦૧૮ | શુક્રવાર |
| ૧૧. | બકરી ઈદ (ઈદ-ઉલ-અદહા) | ૨૨મી ઑગસ્ટ, ૨૦૧૮ | બુધવાર |
| ૧૨. | જન્માષ્ટમી (શ્રાવણ વદ-૮) | ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૮ | સોમવાર |
| ૧૩. | સંવત્સરી (ભાદ્રપદ સુદ-૪) (ચતુર્થી પક્ષ) | ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૮ | ગુરુવાર |
| ૧૪. | મહોરમ (આસુરા) | ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ | શુક્રવાર |
| ૧૫. | મહાત્મા ગાંધીનો જન્મદિન | ૨જી ઑક્ટોબર, ૨૦૧૮ | મંગળવાર |
| ૧૬. | દશેરા (વિજયા દશમી) | ૧૮મી ઑક્ટોબર, ૨૦૧૮ | ગુરુવાર |
| ૧૭. | સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન | ૩૧મી ઑક્ટોબર, ૨૦૧૮ | બુધવાર |
| ૧૮. | દીવાળી (દીપાવલી) (આસો વદ ૩૦) | ૦૭મી નવેમ્બર, ૨૦૧૮ | બુધવાર |
| ૧૯. | નૂતન વર્ષ દિન/વિક્રમ સંવત-૨૦૭૫ બેસતુ વર્ષ (કારતક સુદ-૧) | ૦૮મી નવેમ્બર, ૨૦૧૮ | ગુરુવાર |
| ૨૦. | ભાઈબીજ (કારતક સુદ-૨) | ૦૯મી નવેમ્બર, ૨૦૧૮ | શુક્રવાર |
| ૨૧. | ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મહમદ પયગંબર સાહેબનો જન્મદિન) | ૨૧મી નવેમ્બર, ૨૦૧૮ | બુધવાર |
| ૨૨. | (૧) ગુરુનાનક જયંતિ (કારતક સુદ-૧૫) | ૨૩મી નવેમ્બર, ૨૦૧૮ | શુક્રવાર |
| | (૨) યુનિવર્સિટી સ્થાપના દિવસ | ૨૩મી નવેમ્બર, ૨૦૧૮ | શુક્રવાર |
| ૨૩. | નાતાલ | ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૮ | મંગળવાર |

**નોંધ.—(૧) નીચેની રજા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી :**

| | | | |
|---|---|---|---|
| ૧. | મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૮ | રવિવાર |
| ૨. | ચેટીચાંદ | ૧૮મી માર્ચ, ૨૦૧૮ | રવિવાર |
| ૩. | શ્રી રામનવમી (ચૈત્ર સુદ-૯) | ૨૫મી માર્ચ, ૨૦૧૮ | રવિવાર |
| ૪. | રક્ષાબંધન (શ્રાવણ સુદ-૧૫) | ૨૬મી ઑગસ્ટ, ૨૦૧૮ | રવિવાર |

(૨) યુનિવર્સિટી કર્મચારીઓ-કૉલેજના કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજિયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજિયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચૂરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી યુનિવર્સિટી કામકાજની અગત્ય જોઈને પરવાનગી આપશે. યુનિવર્સિટી કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચૂરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

(૩) ઉપર જાહેર કરેલા મુસ્લિમોના કોઈ પણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે યુનિવર્સિટી-કૉલેજના મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલી રજા જાહેર કરેલી રજાના બદલે તે દિવસે મરજિયાત રજા તરીકે આપી શકાશે.

[P.T.O.